# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-05-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

# GHSEB-RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10નું 83 પૂર્ણાંક 08 ટકા પરિણામ જાહેર કરાયું છે. રાજ્યના 989 કેન્દ્ર પર યોજાયેલી પરીક્ષામાં મહેસાણાના જિલ્લાનું કાંસા અને ભાવનગર જિલ્લાનું ભોળાદ કેન્દ્ર 99 પૂર્ણાંક 11 ટકા પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં પ્રથમ રહ્યું છે. જ્યારે ખેડા જિલ્લાના અંબાવ કેન્દ્રનું સૌથી ઓછું 29 પૂર્ણાંક 56 ટકા પરિણામ રહ્યું છે. રાજ્યમાં કુલ સાત લાખ 46 હજાર 892 વિદ્યાર્થીએ પરીક્ષા આપી , જેમાંથી 6 લાખ 20 હજાર 532 વિદ્યાર્થી પાસ થયા છે. શિક્ષણ મંત્રી ડૉ ક્ટર કુબેર ડિંડોરે પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.

(બાઇટ: ડૉ.કુબેર ડિંડોર)

દરમિયાન 89 પૂર્ણાંક 29 ટકા પરિણામ સાથે બનાસકાંઠા જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ રહ્યો છે. જ્યારે ખેડા જિલ્લાનું સૌથી ઓછું 72 પૂર્ણાંક 55 ટકા પરિણામ આવ્યું છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે ભરૂચ જિલ્લાની 70 શાળાઓનું જ્યારે તાપી જિલ્લાની 30 શાળાઓનું 100 ટકા પરિણામ આવ્યું છે.

. . . . . . . . . . . . .

# SC-SEBC STUDENTS

ધોરણ 10-12ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ-SC અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ- SEBCનાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અપાતી પ્રોત્સાહક ઈનામની રકમમાં 20 હજાર રૂપિયાનો વધારો કરાયો છે. "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ " યોજના અંતર્ગત હવે પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અનુક્રમે 51 હજાર , 41 હજાર અને 31 હજાર રૂપિયાનું રોકડ ઈનામ અપાશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે હેતુથી આ પ્રોત્સાહક રકમમાં વ ધારો કરાયો છે.

. . . . . . . . . . . . .

# RAIN OVERALL

રાજ્યમાં ત્રણ દિવસ બાદ આજે વરસાદે વિરામ લીધો છે. સત્તાવાર યાદી મુજબ, આજે બપોરે 12 વાગ્યા સુધી એક પણ જિલ્લામાં વરસાદ નોંધાયો નથી.

દરમિયાન બનાસકાંઠાના અંબાજી પંથકમાં ફરી એક વાર વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. સવારથી વાદળો ઘેરાતા બપોરે ધીમો વરસાદ શરૂ થયો. લોકોએ તો ગરમીમાંથી રાહત મેળવી પણ કેરી , ડાંગર, બાજરો તેમજ અન્ય પાકના ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે.

. . . . . . . . . . . . .

# TAPI MLA RAJUAAT

તાપીના વાલોડના ધારાસભ્ય મોહન ઢોડિયાએ વરસાદના કારણે થયેલા નુકસાન બદલ સહાય માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી છે. શ્રી ઢોડિયાએ લખેલા પત્રમાં જણાવ્યું કે, કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે સુરત, તાપી, વલસાડ, નવસારી જિલ્લામાં ડાંગર અને કેરીના પાક તેમજ ઘરોને ભારે નુકસાન થયું છે. સરકાર નુકસાનનો સરવે કરી તેમને સહાય ચૂકવે તેવી પણ શ્રી ઢોડિયાએ માગ કરી છે.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR COLLETOR BETHAK

છોટાઉદેપુર જિલ્લાનાં કલેક્ટર ગાર્ગી જૈનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં વાવાઝોડા અને કમોસમી વરસાદની પરિસ્થિતિ તેમજ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી. બેઠકમાં છ તાલુકામાં જનજીવને અસર કરતા વીજ પૂરવઠો , વિવિધ ધોરીમાર્ગ પર ઝાડ પડવા , પાકને નુકસાન , કાચા અને પાકા મકાન ધરાશાયી થવા , પશુ અને માનવ મૃત્યુ , સિંચાઈ વ્યવસ્થા , અનાજનો પૂરવઠો , અસરગ્રસ્તોને રહેઠાણની વ્યવસ્થા જેવા મુદ્દે ચર્ચા કરવામાં આવી.

ઉપરાંત આગામી બે દિવસ ભારે વરસાદની આગાહીના પગલે કલેકટરે લાઈન વિભાગના અધિકારી અને કર્મચારીઓને મુખ્યમથક પર હાજર રહેવા સૂચના આપી.

બીજી તરફ, જિલ્લામાં 31 જેટલા ધરાશાયી થયેલા વૃક્ષ હટાવી માર્ગ અને મકાન વિભાગે રાજ્ય રાજમાર્ગને ફરી પૂર્વવત્ કર્યો છે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL NUKSAN

પંચમહાલમાં વાવાઝોડા અને કમોસમી વરસાદથી ખેડૂતોના ઉભા પાકને ભારે નુકસાન થયું છે. જિલ્લામાં બાજરી , મકાઈ, તલ સહિતના પાક બગડી જવાની ભીતી સેવાઇ રહી છે. ત્યારે ખેડુતો પાકના નુકસાન બદલ સરકાર પાસે વળતરની માંગણી કરી રહ્યા છે. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે કાલોલના મલાવ, રાબોડ, અલવા, જીલીયા સહિતના ગામોમાસ નીલગીરીના વૃક્ષો પડી જતા એક વિઘાએ 60 હજાર રૂપિયાનું નુકસાન થયું છે.

. . . . .

# KUTCH DRONE

કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક ખાવડા પાસે સવારે એક શંકાસ્પદ ઊડતી વસ્તુ હાઇ ટેન્શન પાવર લાઇન સાથે અથડાઇ હતી. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે આ વસ્તુ સરહદ પારથી આવી હતી કે નહીં તેની કોઈ પુષ્ટિ થઈ નથી.

પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ જણાવ્યું કે આ શંકાસ્પદ વસ્તુ વાયુસેનાને સોંપવામાં આ વી છે. આ અંગે વધુ તપાસ વાયુસેના અને સરહદી સુરક્ષા દળ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)